૨૮૮૦

વિચાર સંગ્રહ.

छपावी प्रसिद्ध करनार.

ત્રવાડી વીઠલજી ભૂધરજી.

પ્રત ૫૦૦

અમદાવાદ.

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં.
રણછોડલાલ ગંગારામે છાપ્યું.

સંવત ૧૯૪૨. સને ૧૮૮૬.

કીમત. રૂ ૦—૩—૦

બૈચરાજીની પ્રાર્થના.

ગરબી.

નમું તને બૈચરા બાળીરે, કૃપા કર મા. કૃપાળી.
આપ કૃપાથી અમ્મર બનીયા, વલ્લભાદિ કવિરાય,
મુગો થાય અનુપમ વક્તા, જોતું આપે સહાય. ટેક નમું.
આપ દયા કરી સૃષ્ટિ નિભાવો, ઉપજાવી ધનધાન,
મહા માયા મૂળ તુંજ જગતનું, મેં કરીયું અનુમાન. નમું.
અવર્ણનિય તમારી શક્તિ, માયા તુજ અપાર,
કેમ કળી શકું મુરખ હુંછું, મંદ મતિ નાદાર. નમું.
અજ્ઞ અનુભવ હીન છું માતા, વિદ્યા વિત્ત વિહીન,
આપો મતિ લવ લેશ કૃપા કરી, ઉર ગણી દાસ દીન. નમું.
દુરગુણ દૂર કરી સહુ મારા, સદ્ગુણનો શણગાર,
માત અનુચરને પહેરાવો, પૂર્ણ બની ઉદાર. નમું.
અંબા શંકર માફક દીલે, કુલા પણાનો અંશ,
ધારી મારી દારિદ્રતાનો, સદ્ય કરો વિધ્વંશ. નમું.

શ્રી વિચાર સંગ્રહ.

શંકરની સ્તુતિ.

દોહરો.

પ્રથમ મહેશ્વરને નમું, દીલે ધરી અતિ હર્ષ;
ગ્રંથ રચ્યાના કામમાં, કરો પ્રભુ ઉત્કર્ષ. ૧

મનહરછંદ.

સામ્બ આપને પ્રણામ, કરૂં પૂરું ભાવ થકી,
આપો મને રૂડી વાણી, જેથી કવિતા કરૂં;
ગતિ અતિ તુજ ગૂઢ, કળી શું શકું હું મૂઢ,
તેથી થઈ દીગ મૂઢ, સ્તુતિ તુજ ઉચરૂં;
મતિ મારી અલ્પ અતિ, દેવ કૃપા કરી રતિ,
વાણી આપો રસભર્યી, કાવ્ય જેથી આદરૂં;
સદા દેજો શુભ મતિ, કાપી કષ્ટોને કુમતિ,
જય પારવતિપતિ આપ ધ્યાન હું ધરૂં. ૨
પાપ મેં કીધાંછે અતિ, શુભ કામ નહિ રતિ,
સ્વારથીછે મુજ મતિ, દેવ અતિ શું કહું;
અધરમ અતિ કીધો, સંતનો બોધ ન લીધો,
પાપ મહિ પાય દીધો, દુષ્ટ હું થયો બહુ,
સત સંગ નહિ કીધો, મદ મદિરા મેં પીધો,
તુજથી કદી ન બીધો, એવો પાપી હું બહુ;
માટે હે ગીરીજાપતિ, ક્ષમા એ સરવ કરી,
આવો શુભ મતિ, હરી કુવિચાર વે'મ સૌ. ૨

વસંત તીલકા વૃત.

સૃષ્ટિ સજી સહિત સૂરજ ચંદ્ર તારા,
ધાતુ પહાડ પશુ પક્ષિ પુરૂષ દારા,
પ્રાણિ વનસ્પતિ રચ્યાં વળી પંચ તત્વ,
જેનું મહાન ઋષિયો ન કળ્યા મહત્વ. ૧
કૃત્યો વિચિત્ર વળી જેહ તણાં અતિ છે,
લીલા અપાર સ્થળ જેહની દીપતિ છે;
જે છે અદૃશ્ય પણ નીરખતો સહુને,
ઓજાર વીણ સૃજતો સહુ વસ્તુઓને, ૨
પાદો વિના ગમત સર્વ સ્થળે કરેછે,
આંખો વિના સરવનાં કૃત નિરખેછે;
કાનો વિના ભગતની ભગતિ સુણેછે,
હાથો વિના સજનનાં દુખડાં હણેછે. ૩
એવી અલૌકિક અતિ શકતિ છ જેની,
પ્રીતિ ધરી પૂરણ ભક્તિ કરોજ તેની;
એ પાપ તાપ હરશે સહુ આપણારે,
દર્દો તથા ફિકર દુઃસહ દુખડાંરે. ૪
કાપી સુખામૃત તણું નકી પાન પાશે,
જો તેમનાં તું ગુણ ગાન પ્રીતેથી ગાશે;
આનંદકારી સુખદા અતિ ભક્તિ તેની.
એના વિના વધુ ખરે નથી શક્તી કોની. ૫
માટે હવે જીવ બધી તજી મોહ જાળ,
સારૂં તું તારૂં કરવા મહિ ચિત્ત ઘાલ;
સારૂં થશે ભગતિ ઈશની આદર્યેથી,

સારૂં થશે ધરમ મારગ વિચર્યેથી. ૬

દોહરો.

માટે જો સારૂં ઇચ્છે, તું તારૂં હે જન;
તજી મોહ જંજાળને, કર ઝટ પ્રભુ ભજંન. ૧

सज्जनने स्वर्ग मळेज.

હરિગીત છંદ.

જે વાપરી દોલત હમેશાં દીનનાં દુખડાં હરે,
કામો પ્રશંસા પાત્ર કરીને, નીતિ રસ્તે વિચરે;
જીવ જાયતો કુરબાન પણ નવ વેણ જુઠું ઉચરે,
એવા સુજન શિરોમણી શું સ્વર્ગમાં નવ સંચરે? ૧
આનંદ માને અન્યને સુખ આપી દુઃખ દેહે સહી,
લખ ખૂટ મળતાં દ્રવ્ય પણ જે ધર્મને છોડે નહિ;
કો દી જુવે નવ કુડી નજરે, અન્ય નારી ઉપરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે? ૨
સેવા કરે ગુરૂપિતા માતા તણી પૂરણ સ્નેહથી,
કિંચિત કરે નવ પાપ નિજ મન વચન કે કદી દેહથી;
ઇર્ષા દીલે લવ લેશ દુસ્મન ઉપર પણ જે ના ધરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે? ૩
કલ્યાણ ઇચ્છે સર્વનું પછી હોય બંધુ કે અરી,
અધિકાર મળવાથી અહંપદ દીલ ના લાવે જરિ;
વૈભવ વળી વીત નારી કેરો મોહ લેશ ન અંતરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે. ૪
જીતી લીધેલા કામ ક્રોધાદિ વડા જેણે રીપુ,
વશ ઇંદ્રિયો હોવા થકી વિકારહીન જેનું વપુ;

સુખથી ધરે નવ હર્ષ દુ:ખથી આંસુ ના આંખે ભરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે! ૫
ટેકી રહી નિજ ધારણામાં હઠે ના પાછા કદા,
ધરી ધૈર્ય દીલ સહે પડતી આપ ઉપર આપદા;
ઘેરાય દુ:ખથી તોય શુભ નિજ ધર્મને ના વિસરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે! ૬
તલ્લીન રે' હમેશ રૂડું જ્ઞાન મેળવવા મહિં,
જુઠું વદે વા કરે નિંદા કોઈની કદીયે નહિ;
અંતર તણા શુધ સ્નેહથી પરબ્રહ્મની ભક્તિ કરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે! ૭
જેના ગુણે નિત ગાય સાધુ પંડિતોને કવિ વરો,
આચાર જેનો નિષ્કલંકિત શ્રેષ્ટ સાદો નિર્મળો;
એને અનુસરવા તણું નકી કર્યું અંબાશંકરે,
એવા સુજન શીરોમણિ શું સ્વર્ગમાં નવ સંચરે! ૮

સાદાઇ રાખવા વિષે.

વસંત તિલકા વૃત.

સાદાઈ રાખ જન હે મુરખા છકેલા,
સાદાઈ રાખ જન હે મદમાં મચેલા;
સાદાઈ રાખી કર કામ રૂડાં તું ભાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૧
સાદાઈથી સુયશ સર્વ સ્થળે વધેછે,
સાદાઈથી સરવ સજ્જન માન દેછે;
સાદાઈ રાખ વધસે તુજની કમાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૨

સાદા મનુષ્યપર વા'લપ સર્વ રાખે,
સાદાં મનુષ્યની સ્તુતિ મુખ નિત્ય ભાખે;
સાદાઈ સર્વ ગુણમાં ઉમદા ગણાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૩
મિથ્યા બહુ બકબકે અતિ વિદવાન,
પોશાક શુભ સજવેથી સ્વરૂપવાન;
નાતું જણેશ તજ તેથી અસભ્યતાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૪
ના તું જણેશ ધનવંત ઘરેણું ઘાલ્યે,
ના તું જણશ સખી જન ઉડાઉ ચાલે;
હાની થઈ સરવ લાભ જશે લુંટાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૫
જાણેકે જગત સઘળું તુજ ગુણ સર્વ,
માટે તું છોડ વ્યરથ આ છલકાઈ ગર્વ;
સાદાઈ સાથ કર સ્નેહ થકી સગાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ; ૬
કાં તું વિચાર નિજ સ્થિતિ તણો કરે ના,
કાં તું ભવિષ્ય તુજનું દીલમાં ધરે ના;
રે મૂર્ખ રોઈશ પછી અતિ દુઃખી થાઈ,
સદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૭
શો લાભ છે ગરવમાં મુજને કહે તે,
શી સારી છે ફકડતા દીલમાં લહે તે;
પશ્ચાત દંભ તજીને ધરને ભલાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૮

સાદાં સુવસ્ત્ર સજ વાણિ તું સાદી ભાખ,
મિથા ગુમાન તજી સજ્જનતાઈ દાખ;
ખાલી દમામ તજીને ધર નમ્રતાઈ,
સાદાઈ છે સરવદા અતિ લાભ દાઈ. ૯
જો હૈશ તું કદી અતિ હુશીયાર ભ્રાત,
થાશે વિદિત સહુને નકી તેહ વાત;
માટે તું શાંત બનીને ધર ધૈર્યતાઈ,
સાદાઈ છે સરવથા અતિ લાભ દાઈ. ૧૦
રે મિત્ર પે'લી અવલોક તું તારી સ્થીતિ,
માબાપ મિત્ર સંબંધી તણીજ રીતિ;
તેનો તથા ઉપજ ખર્ચ તણો વિચાર,
પ્રીત કરી પછીથી સાદઈ શ્રેષ્ટ ધાર. ૧૧

केवाने धिक्कारछे.

દોહરા.

જન્મ લઈ અવનિ ઉપર, દુષ્ટ કામ કરનાર;
બની કલંકિત કુળ કરે, તે શઠને ધીકાર. ૧
કામ થકી અંધો બની, કરે જેહ વ્યભિચાર,
ધર્માધર્મ ગણે નહિ, તે શઠને ધીકાર. ૨
પામી ઊંચ અધિકારને, બને નીચ સરદાર,
તજી નીતિ લે લાંચ જે, તે શઠને ધીકાર. ૩
માત પિતાને ગુરૂ તણો, ભૂલી જે ઉપકાર,
અપકારી ઉલટો બને, તે શઠને ધીકાર. ૪
તજી કુળનો ધર્મને, કર્મ રીત આચાર,

અવળે પંથે જે ચડે, તે શઠને ધીકાર. ૫
હોય દ્રવ્ય પુષ્કળ છતાં, ખરચે નવ તલભાર,
પુણ્ય દાન પણ ના કરે, તે શઠને ધીકાર. ૬
ગરીબને દુઃખ દે અતિ, જે પામી અધિકાર,
દયા ન જેના દીલમાં, તે શઠને ધીકાર, ૭
વિદ્યા જે પામી રૂડી, ધરે દીલ અહંકાર,
વિનયને અળગો કરે, તે શઠને ધીકાર. ૮
સજ્જનની સોબત તજી, થાય નીચનો યાર,
ગોળ ખોળ નવ ઓળખે, તે શઠને ધીકાર. ૯
ગવરાવી ગીતો ભુંડાં, વિવાની મોઝાર,
કુળની નીચતા દાખવે, તે શઠને ધીકાર. ૧૦
પાળ્યાની સત્તા વિના, વેણ વદી સહુ ઠાર,
ભાર બોજને જે ખુવે, તે શઠને ધીકાર. ૧૧
ધન્ય વિદ્યા મળવા છતાં, થાય નહિ દાતાર.
જીવ્યા છતાં મુવેલ જે, તે શઠને ધીકાર. ૧૨
કાન તણો કાચો રહી, જુવે ન સારા સાર,
સૌનું કહેવું સાંભળે, તે શઠને ધીકાર. ૧૩
વિદ્યા ભણવિ ના ગમે, રમવો ગમે જુગાર,
નુકશાની થાતાં રૂવે, તે શઠને ધીકાર. ૧૪
શત્રુ સ્વારથીયા તથા, મિત્ર અને હિતકાર,
તેને નવ જે ઓળખે, તે શઠને ધીકાર. ૧૫
જૂની કૂળની રીત જે, હોય હાલ દુખકાર,
જાણ્યા છતાં ન જે તજે, તે શઠને ધીકાર. ૧૫
શકિત છતાં નવ મેળવે, કિર્તિ જગ મોઝાર,

રહે પડી નિર્માલ્ય થઈ, તે શઠને ધીક્કાર. ૧૭
આપી રૂડા કામમાં, ઉલટા અતિ વિચાર,
હાથે અપજશ વોરી લે, તે શઠને ધીક્કાર. ૧૮
સજ્જનની નિંદા કરી, જેહ ખુવે નિજ બાર,
નિંદાયે ઉલટો બધે, તે શઠને ધીક્કાર. ૧૯
છોડીને માદાઇને, રાખે ડોળ અપાર,
કરે પ્રશંસા આપની, તે શઠને ધીક્કાર. ૨૦
નાનો જોઈ પુત્રીથી, પુત્રીનો ભરથાર,
ઝીંકે કુવામાં બાળકી, તે શઠને ધીક્કાર. ૨૧
જોઈ વહુ દીકરા તણી, મોટી વર્ષ એચાર,
સુખ બેનું જડ મૂળ હણે, તે શઠને ધીક્કાર. ૨૨
વાતો મિત્રોની ગુપત, ફુંકી જે સહુ ઠાર,
શીશ વઢાવે તેમનાં, તે શઠને ધીકાર ૨૩
પાય પૂર્ણ નવ પુત્રને, વિદ્યા રસ સુખકાર,
લોભે ધંધામાં ઝીંકે, તે શઠને ધીકાર. ૨૪
જુવાનીમાં જે ધરે, આળસ દીલ અપાર,
ભવ આખો દુઃખી રહે, તે શઠને ધીકાર. ૨૫
જન્મ લઈ કુળ નાતને, શુભ દેશનું લગાર,
તન મન ધનથી ના કીધું, તે શઠને ધીકાર. ૨૬
દુનિયાની જંજાળમાં, ખોયો નિજ અવતાર,
પ્રભુ પળવાર ભજ્યા નહિ, તે શઠને ધીકાર. ૨૭

सत्संग महिमा.

દોહરા.

મિત્ર શોધવો સર્વથા, સાચો ને ગુણવાન;

જેથી પછીના વખતમાં, થઇએ નહિ હેરાન ૧

સન્મિત્ર રૂપી મણિ.

મનહરછંદ.

દુઃખમાં મદદગાર, સુખમાં આનંદકાર,
શુભ બોધ આપનાર, વહેમ બધા હણી;
જ્ઞાનને નીતિ વધારે, દુર ગુણને વિદારે,
સોબત નિત્યે કરાવે, બધે સુગ્રંથો તણી;
ચરચા પવિત્ર કરે, ધર્મ કર્મને કરાવે,
મિત્રો કેરૂં ભલું કરે, પ્રીત લાવીને ઘણી;
નિત્યે સુ કર્મો કરાવે, શુભ પ્રીતિ રસ પાવે,
આબરૂ સારી અપાવે, સન્મિત્ર રૂપિ મણિ. ૧

સન્મિત્ર મંડળ.

દોહરા.

સન્મિત્રની સભા મળી, ચરચા કરે પવિત્ર,
તે વાતોના સારનું, આપું હું અહિં ચિત્ર. ૧

મનહર.

એક મિત્રે કર્યું પ્રશ્ન, સુખ અતિ સારૂં કયું,
બીજો કહે સુખ અતિ સારૂંછે સન્નારીનું;
ત્રીજો કહે સારૂં સુખ હું ધારૂંછું દોલતમાં,
ચોથે કહ્યું જગત ત્રાતા તણી ભક્તિ સારીનું;
પાંચમાએ કહ્યું સૌથી શુભ સુખ સંસારમાં,
માત, તાત, ભ્રાત ભગિનિ પુત્ર પુત્રી પ્યારીનું;
છઠાએ વિચારી કહ્યું સર્વની ગરજ સારે,
એવું સુખતો છે એક સજ્જનની યારીનું. ૧

વઢવાણ શહેરની વિદ્યા વર્ધક સભામાં આ લખનાર સભાસદ હોવાને લીધે તેને જુદે જુદે પ્રસંગે જુદા જુદા વિષયોપર કવિતા કરી વાંચી સંભળાવવાની જોગવાઈ મળતી. તેમાની ઘણી ખરી નીચે દાખલ કરવામાં આવેછે.

ज्यारे सभा स्थपाइ त्यारे करेली इश्वरस्तुति.

દોહરા.

જય જય જગ કેરા પતિ, કૃત્ય રૂડાં કરનાર,
અહિં મળેલા મિત્રમાં, હરનીશ સંપ વધાર. ૧
તેઓમાંથી તુ પ્રીત્યે, કુસંપ સર્વ વિદાર,
અહિં મળેલા મિત્રમાં, અતિશે સંપ વધાર. ૨
તેઓના દુરગુણ હણી, પ્રભુજી ગુણ દે સાર,
અહિં મળેલા મિત્રમા, હરેનીશ સંપ વધાર; ૩
અમૃત દ્રષ્ટિ અમપરે, રાખી જગદાધાર,
અહિં મળેલા મિત્રમાં, અતિશે સંપ વધાર. ૪

મનહર.

નથી અમે બુદ્ધિમાન, તે છતાં લીધું આ સ્થાન,
માથે કારજ મહાન, તારો ભરૂંસો ધરી;
માટે પ્રીત્યે સા'યકર, સઘળાં વિઘન હર,
સ્તુતિ મારી દીન ધર મહેર અતિ કરી;
તુજ વિના સાહ્યકાર, અમારે નથી આધાર,
દુઃખ કેરો હરનાર, તુજ માત્ર છે હરિ;
છેલ્લે એટલી છે સ્તુતિ, સંપ અમારામાં અતિ,
વધારીને દે સુમતિ, સર્વ કુમતિ હરી. ૧

સભાથી થતા લાભ વિષે કરેલા ભાષણ પછવાડે વાંચેલી કવિતા.

ભુજંગીછંદ.

સમાજો મળ્યાથી સુ કામો થયાંછે,
સમાજો મળ્યાથી કુધારા ગયાછે;
સભાઓ કર્યે લાભ ભારી થયાછે,
સભાઓ થકી વે'મ સર્વે ગયાછે. ૧
થયા અંગરેજો છતા સર્વ ઠામે,
હજું જેમનું રાજ્ય બાદેશ જામે;
કર્યો તેમણે હુનરોનો વધારો,
સભાઓ તણા લાભ એ દીલ ધારો; ૨
સમાજો થકી આપણો દેશ પૂર્વે,
હતો નામીઓને હતાં સુખ સર્વે;
વળી હાલ જે માણસો સુધરેછે,
તથા પંડિતો જે સુધારા કરેછે, ૩
ખરે કામ તે મંડળિયોથી થાયે,
વિનાઐક્ય કાંઈ કરી ના શકાયે;
ધરો તેથી સૌસંપ આ મંડળીને,
ચલાવા પ્રીતે ખંત ભારી ધરીને. ૪

સભા તર્ફથી કરેલી ઇશ્વર સ્તુતિ.

શાર્દુલ વિક્રિડિત.

તારા, ચંદ્ર, ગૃહો, રવી ગગનને પાણી તથા પ્રાણીઓ,

એ આદિ સહુ ચીજ જેની કૃતિની છે શુભ એંધાણિઓ:
માયાથી અકળિત જેની સઘળે સંતો સ્મરે જેહને.
વિદ્યા વર્ધક આ સભા અમ તણી વંદે સદા તેહને. ૧
મારી હીરણ્યકશ્યપુ દુખ સમે પ્રલ્હાદ રક્ષા કરી,
જેણે દ્રૌપદિની વિપત્તિ સમયે સ્તુતિ હૃદેમાં ધરી;
રક્ષે જે વળી જીવ જંતુ સહુને આ જગ ત્રાતા વિભુ,
વિદ્યા વર્ધક આ સભા તણી સદા રક્ષા કરો તે પ્રભુ. ૨

ગીતી.

અકળ અદૃશ્ય પ્રભુજી, દાસ તુજનો વિમળ મતિ માગે,
જેથી સમરણ તારૂં, કરવા દીલમાં રૂચિ અતિ જાગે. ૧
ગુનેગાર ને પાપી ન ગુણો દેવા અતિશયે હું છું,
ગણુ તે દિલ નવ લાવો, કારણ મૂર્ખો મતિહીન હુંછું. ૨
છોરૂ થાય કછોરૂ, માબાપો નહિ બને કદી તેવાં,
એ નીતિ પર દ્રષ્ટિ, રાખી મુજને ક્ષમા આપ દેવા. ૩

શિયળ વિષે થયેલા ભાષણને અંતે વાંચેલી કવિતા.

ગરબી.

"હરિભજન વિના, દુખ દરિઆ સસારનો પ્રાર ન આવે," એ રાગ
સહુ નારી નરો, શિયાળપાળી નીતિ માન બનો સદા,
જો વિપત પડે, તદપિ ના ત્યાગો તે ટેક તમે કદા;
શિયળથી જશ જગમાં વધશે, સ્તુતિ સહુ સજ્જન મુખ કરશે,
આનંદે તમને અનુસરશે, સહુ નારી નરો. ૧

સુણુ *તારાના દુઃખ કેરી કથા, સહી દમયંતિએ કેવી વ્યથા,
સીતાનાં દુઃખ અવલોક તથા, સહુ નારી નરો. ૨
તેઓને કેવી વિપત પડી, સહી ટાઢ તાપને મેઘ ઝડી,
તદપિના અવળે પંથ ચડી, સહુ નારી નરો. ૩
પણ સ્વામિને પરમેશ ગણિ, શુભ સતી તણા સહુ ધર્મ ભણી,
સ્વામી સાથે રહી સાથી બની, સહુ નારી નરો. ૪
શીયળ તેમજ અરજુન તણું, અવનિમાં સહુથી શ્રેષ્ટ ભણું,
ઉરવશીથી લોભાયો ન અણું, સહુ નારી નરો. ૫
વળી રામચંદ્રજીની નીતિ, અનુપમ પૃથ્વી મોઝાર હતી,
સહુ શાસ્ત્રો ગાય ધરી પ્રીતિ, સહુ નારી નરો. ૬
શીયળ પાળો તેના જેવું, દુઃખ આવે તે ખુશીથી રહેવું,
વિશ્વંભરને ભરૂસે રે'વું, સહુ નારી નરો. ૭
લંપટ જનપર પ્રભુ કોપ થશે, પણ સ્વર્ગે શિયળવાન જશે,
એમ શીયળ લાભદ અંત થશે, સહુ નારી નરો. ૮

ईश्वर स्तुति.

નગસ્વરૂપિણિ, પ્રમાણિકાછંદ.

પ્રભુ સુબુદ્ધિ આપને, મટાડી કલેશ તાપને,
દુઃખો બધાં વિદારને, ભવાબ્ધિમાંથી તારને. ૧
પ્રીતેથી આપ દાસને,દીલ ધરી ઉલાસને,
તું આપ સ્હાય સર્વથા સુકાર્યમાં હરિ બધા.
અમારિ મિત્ર મંડળી, નમે તને લળી લળી,
ઇચ્છે દયાની દૃષ્ટિને, વળી કૃપાની વૃષ્ટિને. ૩
અમારી આ સુમંડળી, રહી સદા હળી મળી,

---

*તારા=હરિશ્ચંદ્રની સ્ત્રી તારામતિ.

સુકાર્ય આદરે પ્રીતે, કુચાલ છોડી દે નિત્યે. ૪
સ્મરિ તમારી શક્તિને, કરે તમારી ભક્તિને,
કરો પ્રભુજી એટલું, ઇચ્છું છું હાલ તેટલું.

મંદાક્રાંતા.

સુખો આપી, વિપત હરણા, ઇષ્ટ તું કષ્ટ કાપ'
વેમો ટાળી, પરમ સુખદા બ્રહ્મનું જ્ઞાન આપ;
બુદ્ધિ મારી, વિમળ કરીને દુષ્ટ વિચાર ટાળો,
વિશ્વાધિશા, અકળ પ્રભુજી દાસનો હસ્ત ઝાલો. ૧

गरिबाइ तने धीक्कार छे.

હરિ ભજન વિના ઇ૦ એ રાગ.

ઓ ગરિબાઇ, ધીક ધીક હે દુષ્ટ રાક્ષસી તુજને,
ક્યમ સજ્જનને, વળગો ડાકણ માફક કે'તે મુજને.
ક્યમ પંડિતને દુઃખડાં આપે, ક્યમ સાધુજનને સંતાપે,
તું વરી તેમને શા પાપે; ઓ ગરીબાઈ.
શા કીધા અપરાધો તારા, કે સે'તા દુખતણા ભારા,
તે વદ તું હે નિર્દય દારા; ઓ ગરીબાઈ.
જે ક્ષમાવાન સંતોષિ છે, સુશીલ નમ્ર નિર્દોષિ છે,
તેવા પર ક્યમ તું રોષિ છે; ઓ ગરીબાઈ.
તું દુર્જનથી અળગી રહેછે, પાપીથી અતિશે બિહેછે,
પણ લોહિ પુનિતનાં પીયેછે; ઓ ગરિબાઇ.
અક્ષર શત્રુ રૂપિયાવાળા, વિદ્વાન તણા ઘરમાં લા'ળા,
નિરખી દીલમાં પ્રગટે જ્વાળા, ઓ ગરીબાઇ.
વિદ્વાન ગ્રંથ લેવા માટે, દમડી નહિ તેથી ઉચાટે,
બીખતો દેખુ વાટે ઘાટે; ઓ ગરીબાઇ.

ને વિદ્યાના વેરી જે છે, અતિ વિત્ત તેમની પાસે છે,
જુગાર જારીમાં ખરચેછે; ઓ ગરીબાઇ.
વિપરીત આવી રીતી જોઇ, મેં ધીરજ દીલ તણી ખોઇ,
દીનતા ત છોડ્યા નવ કોઈ; ઓ ગરીબાઈ.
વિદુર સુદામાને પણ તું, વિકરાળ નાગણી ડંસી છું;
તો શી ગણતી માંહી હું છું; ઓ ગરિબાઇ.

કેવા દેશભક્તને ધન્યછે?

સૃગ્વિણી છંદ.

દેશના દુઃખથી જે દુખી છે સદા,
દેશના સુખ સારૂ સહે આપદા;
દેશ ચિંતા ઊંડી દીલ છે જેહને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને ૧
જોઈ દેશી દુખી ચિત્ત જેનું બળે,
તેમનાં દુખડાં જે રીતેથી ટળે;
શોધતો તેહના નિત્ય ઉપાયને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૨
દેશ આબાદ જેવિ રીતેથી બને,
થાય વિખ્યાત વેપાર વિદ્યા ધને;
યત્ન એવા કરે હોંશ લાવી મને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૩
સ્વાર્થનો ભોગ દે દેશ સારૂ સદા,
દુઃખ પામે તથાપિ હડનો કદા;
શુદ્ધ પ્રેમે સદા સેવતો દેશને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૪

થાય વૃદ્ધિ રૂડા હુંનરી કામની,
થાય વૃદ્ધિ નકી જે થકી દામની;
કામ એવાં કર્યાંમાં કરે યત્ન જે,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને, ૫
દેશને દુઃખથી તારવાને મથે;
દેશને લાભદા ભાષણો તે કથે
દે વળી બોધ જે દેશના લોકને;
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૬
થાય વૃદ્ધિ સુધારા તણા કામની,
થાય વૃદ્ધિ વળી લોકમાં હામની,
લોક સંપે રહી ખુબ શુરા બને;
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૭
થાય ફેલાવ વિદ્યાતણો દેશમાં,
કામ એવાં કરે શૂર આવેશમાં;
જીવ જાતાં નહિ દેશ દ્રોહી બને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૮
દેશની સેવના પ્રેમ શૂરત્વથી,
ધર્મ જાણી કરે ના ડરે કોઇથી;
દેશ સુખે ગણે સુખ જે આપને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૯
એહ શૂરો ખરો દેશને તારશે;
જેહ દુઃખો પડયે હામ ના હારશે;
દેશ સારૂ કરે કુળ જે દેહને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૧૦
દેશ સારૂ ગણે દ્રવ્યનું મૂલ ના,

દેશ સારૂ કરે સર્વ લાભો ફના;
દેશ સારૂ ગણે પ્રિયના શીશને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને. ૧૧
દેશના સુખમાં સુખ જે માનતો,
દેશની દાઝ હૈયા વિષે જાણતો;
ધન્ય એ માત એ સુત છે જેહને,
ધન્યછે ધન્યછે ધન્યછે તેહને, ૧૨

જીવને શિક્ષા.

હરિગીત છંદ.

ઓ મરત તે રખડેલ જીવ કાં, ગંડુ વિચારો કરે,
કાં હવામાં કિલ્લા ચણે, કાં દુષ્ટ રસ્તે વિચરે;
કાં કામ કુડાં આદરે, તું આવી તારા તાનમાં,
એ સર્વ છોડી સદા થાતું લીન શંભુ ધ્યાનમાં. ૧
કાં શેખશલ્લીના વિચારો કરી નીચતા દાખવે,
કાં કામરૂપી મદ્ય પીને મૂખથી ભ્યમત્સમ લવે,
મોહાંધ થઈ કાં વિચરતો કૂપાટ ને કુસ્થાનમાં,
એ સર્વ છોડી સદા થાતું લીન શંભુ ધ્યાનમાં. ૨
કાં મરી પડતો પુત્ર નારી દ્રવ્ય કેરી આશમાં,
હાથે કરી બંધાય મજબુત વિષય [1]વિષધર પાશમાં;
વૃતિ ભમે કાં પ્રપંચ કરવામાં નહિ કરી જ્ઞાનમાં,
એ સર્વ છોડી સદા થાતું લીન શંભુ ધ્યાનમાં, ૩
ઝટ છોડ મમતા મૂર્ખતા, તૃષ્ણા અને અજ્ઞાનતા,
મદ મોહ લુચાઈ કપટ વળી ક્રોધને કામાંધતા;

---

૧ વિષયરૂપી નાગપાશમાં.

તલ્લિન થામાં વિષયમાં અંધો વળી અભિમાનમાં,
એ સર્વ છોડી સદ્ય થાતું લીન શંભુ ધ્યાનમાં. ૪
એ જીવ મારા શીષ્ય ઉપરની સુણી આ માહરી;
સદ્ જ્ઞાનના ગ્રંથો પઢી, ભજ પ્રીતથી શ્રી નરહરી;
જો શ્રેય તારૂં તું ઇચ્છે તો વેણ આ ધર કાનમાં,
તલ્લીન થા તલ્લીન થા ગિરિજાપતિના ધ્યાનમાં. ૫

ગંભીર માણસો ભાગ્યેજ મળે.

મનહર.

પોતાની કે મિત્ર કેરી ગુપ્ત વાતો અતિશય,
રાજ્યદ્વાર કેરી જીરેવવી નહિ રહેલ છે,
વાયડા થઇને ફુકી ઝટ દે એવા ઘણાએ,
પણ ગંભિર મનુષ્યો થોડા નીવડેલછે,
અન્ન પચે, ઘાસ પચે, પથર ને લોઢું પચે,
પણ ગુપ્ત વાત પચાવવી મુશકેલ છે;
સાગર સમાન ગંભિરાઇ તણો શુભ ગુણ,
કોઇકજ વીરલા મનુષ્યમાં રહેલ છે. ૧

સુબોધ.

દોહરા.

ઇષ્ટ દેવને હરનીશે, ભજો દીલ ધરી પ્રીત,
અળગા વે'મ બધા કરી, સુધર્મની ધર રીત. ૧
પહેલી પરનિંદા તજો, સકળ પાપનું સ્થાન,
સત્સંગે શુભ જ્ઞાનનું, પ્રીત્યે કરો પીછાન. ૨
સત્ય વચન ઉચરો બધે, લાવી સાચ પર પ્રેમ,

"જુઠા વીણ નભશે નહિ," એવો છોડી વહેમ. ૩
કષ્ટ સમે ધીરજ ધરો, ચિત્ત રાખી અતી શાંત,
ભજવાથી જગ તાતને, હઠશે દુઃખ નિભ્રાંત. ૪
કદિ નુકશાન અતિ થયું, તોપણ ક્રોધ ન લાવ,
દીલનો ઉભરો દાબીને, દુઃખદા ક્રોધ હઠાવ. ૫
અતી રૂપવાળી નારીયો, જોઈ ન પામ વિકાર,
પણ નિજ મનને મારીને, દુષ્ટ વિકાર વિદાર. ૬
ધન હરવાના લોભથી, નવ કર કદી પ્રપંચ,
આખર સમયે કાંઈ પણ, નથિ ઉપયોગી રંચ. ૭
નારી પુત્ર ને ધન મહીં, મોહ લેશ નવ પામ;
છેવટ નિશ્ચે જાણજે, કાંઇ ન આવે કામ.
ઉદય અન્યનો જોઇને, ધર અંતર નવ દ્વેષ,
મત્સર રાખ્યે તાહરૂં, બુરૂં થશે વિશેષ. ૯
ગભિર થાજે સર્વદા, આ છલકઈ તજી દુર,
આછલકા થાવા થકી, ઘટશે તારૂં નુર. ૧૦
અમલ અતિશે પામતાં—પણ હુંપદ નવ લાવ,
નિર્મળ નમ્રપણું ધરી, સજ્જનતા દર્શાવ. ૧૧
ત્રિજવિ વીર વિવેકને, નિત્યે પાસે રાખ;
આવે સજ્જન ઘેર તો, મનહર વચનો ભાખ. ૧૨

नास्तिक विद्वानने बोध.

તારૂં નથી કો પૃથ્વીમાં, માટે કર સત્કર્મ,
સાહ્યકાર કો છે નહિ, વિના નીતિ—ને ધર્મ. ૧
માટે મુરખ આદમી, ચેત ચેતરે ચેત,
ભવિષ્યમાં સુખ પામવા, તણો કરી મુક હેત. ૨

વિદ્યા અતિશે શ્રમ કરી, બણિ થયો નાસ્તિક;
કુકર્મ ઉલટાં બહુ કરે, તજી પ્રભુની બીક ૩
તેથી છે તું સહુ થકી, બમણી શિક્ષા જોગ;
કાંકે સદવિદ્યા તણો, કર્યો ઊંધો ઉપયોગ. ૪
જાણેછે તું દીલમાં, અનીતિમાં બહુ પાપ,
તેમ છતાં ક્યમ આચરે, અરે મૂર્ખના બાપ. ૫
એવા અતિ ગુના કરી, મૂર્ખ ખોટું બહુ કીધ;
સંત જનોના વચનપર, કદી કાન નવ દીધ. ૬
મનમાં જરા વિચાર કર, ઓરો આવ્યો વખત;
પ્રભુ તુજને શિક્ષા વિના, નહિ છોડે કમબખ્ત. ૭

एक विद्या मंदिर प्रत्ये तेना एक भक्तनी तेने छोडती वखतनी उक्ति.

મનહર છંદ.

રૂડી વિદ્યા રૂડું જ્ઞાન, રૂડિ મતિ રૂડી ચાલ,
પ્રિય વિદ્યાશાળા અમને તેં પ્રીત્યે આલીયાં;
ખવાઈજતાં બચાવી, અજ્ઞાનરૂપી ક્ષયથી;
જ્ઞાનરૂપ પુષ્ટિકર, ખોરાકથી પાળીયાં.
ચીંતાથી વિહીન રહી, આટલાં વરસ આંહી;
મોજ મજામાંહી, તુજ મકાનમાં ગાળીઆં.
એવી સ્કુલનું મકાન, તજી અન્ય સ્થળ જતાં,
× × × × × × × × × ૧
પ્રિય વિદ્યાશાળા તુજ ઉપકાર તણો પાર,
લખુ કોટી વાર, તદપિ કદિ પમાય ના;

વિદ્યા તણા મંદિરનો માર્ગ તેં બતાવી આપ્યો,
જ્ઞાન રસ ભોગી કરી, અમારી તેં રસના;
હતાં અમે પશુ તેને તે મનુષ્યો કરી દીધાં,
બલીહારી તારા કામ તણી હે દેવાંગના,
જોકે તને તજુ પણ મહા સુખ તું માં રહી,
માંણિયું સદૈવ કદીપે તે વિસરાય ના. ૨

વિદ્યા શાથી મળે.

વિદ્યાર્થીઓને બોધ.

છપ્પા.

દ્રવ્ય નશીબથી મળે, મળે મોટો અધિકાર,
હયગજ રથને બગી, તથા રૂડાં ઘરબાર;
મળે શ્રેષ્ટ શેઠાઈ, મળે દાસોને દાસી,
મળે પુત્રને સુતા, મળે નારી રૂપ રાશી;
સત્સંગ તથા સુખ સાહ્યબી, સહુ નશીબથી સાંપડે,
પણ વિદ્યા શ્રમ વીણ એકલા, નશીબથી ના આવડે. ૧
વિદ્યા મળશે નકી, ખંત રાખી ભણવાથી,
વિદ્યા મળશે નકી, અતિ ઉદ્યમી થવાથી;
વિદ્યા મળશે નકી, સહુ સુખ મોજો છોડયે,
વિદ્યા મળશે નકી, ફક્ત ચિત તેમાં ચોડયે;
વિદ્યા મળશે સુખ છોડીને, ભણવામાં જો લીન થશો,
તથા કઠણ જોઈ પાઠને, દીલ નહિ કંટાળશો. ૨
કંટાળ્યો જો હોત, ભગીરથ રાજા દીલમાં,
ગંગાસ્વર્ગ થકી, આવી શું હોત ભૂમિમાં!

શું સંભારત નામ, તેહનું આપણ આજે ?
ક્યાંથી થાત વખાણ, તેહના સુજન સમાજે ?
માટે ભ્રાતો ભણવા મહીં, કઠણ જોઈ કોઈ પાઠને,
કંટાળી નિરાશ ના થશો, વા ધરશો ન ઉચાટને. ૩
બનો ખૂબ ઉદ્યમી, શ્રેષ્ઠ વિદ્યા મેળવવા,
બનો ખૂબ ઉદ્યમી, જીવ તેમાં હેળવવા;
બની ખૂબ ઉદ્યમી, સુવિદ્યાનો રસ પીજો,
એવીણ નિશ્ચે નથી, વશીલો જગમાં બીજો;
તેથી સદ્‌વિદ્યા પઢો, દીલથી સહુ આળસ તજી,
પાછળ પસ્તાશો બહુ, ચેતાયું ના હજી. ૪
અલભ્ય ઉદ્યમ પાસ, દુનિયામાં નથી કાંઈ,
માટે ધરી ઉલ્લાસ, ઉદ્યમી થાજો ભાઈ;
વિદ્યા ભણવા મહીં, કષ્ટ સહી ઉદ્યમ કરજો,
ધીરજ ધારી ખૂબ, સહૂ આળસ પરહરજો;
કરજો વળી સઘળા વખતનો, સદુપયોગ ડાપણ થકી,
વિદ્વાન બની અધીકાર શુભ, તો મેળવી શકશો નકી. ૫

सुधाराने आडे आवनारा लोकोने शिखामणना बे बोल.

"ઓધવજી સંદેશો કહેજો શામને" એ રાગ.

ધિક ધિક ઓ સુધારાના શત્રુઓ,
ધીક ધીકછે તમને વાર હજારજો;
સુધારામાં આડા આવીને તમે,

પામો હાયે કરીને દુઃખ અપારજો. ૧
કુચાલોને ઉત્તેજન કાંઇ્ઉ તમે,
ઉલટો તેનો કરવા બદલે નાશજો;
પાયમાલ કરીયા વહેમો એ દેશને,
તોપણ તેના બની રહ્યા કાં દાસજો? ૨
બાળલગ્નના બૂરા ચાલે બાયલા,
માલ વિનાના કરિયા સઘળા જનજો;
તોપણ તેને અરે બુદ્ધિના દુશ્મનો,
શ્રેષ્ટ તથા સુખદા કાં ધારો મંનજો? ૩
ધર્મ તણા નામે કુકર્મ બને બહુ,
આર્ય તણી નીતિનો થાયે ભંગજો;
તોપણ તેવા ધર્માચાર્યોને તમે,
આપો આશ્રય કેમ ધરી ઉમંગજો. ૪
ભૂત પ્રેત પિશાચ નથી સાચાં કંઈ,
ડાકણ શાકણના પણ વહેમો જૂઠજો;
તોપણ તેને સાચાં માનીને તમે,
પકડી ક્યમ રાખો હબશીની મૂઠજો. ૫
આર્ય પ્રજા બીકણ એવા વહેમે થઈ,
હામ તણો ન મળે કો નરમાં અંશજો,
‡મેડક શબ્દ સુણીને બીને નાસતા,
એવો ઉપજ્યો આજ આર્યનો વંશજો. ૬
વિત્ત અને વિદ્યા સઘળી ચાલી ગઈ,
દેશી હુનર કેરો વળીયો દાટજો;

‡મેડક=દેડકો.

તોપણ તમને અરે મતિ હીન હિંદુઓ,
બીલકુલ કાં દિલ ન થાય ઉચાટજો? •
વખત પ્રમાણે સમજી જક છોડી દઈ,
સુધારાવાળાનો પકડો પક્ષજો;
તેઓ જે હિતકારી વાતોને કહે,
તેપર આપો શાંત ચિતેથી લક્ષજો. ૮
કુચાલે જે દુખદા હોયે દેશને,
તેનો નાશ કરો છોડી સહુ ઢીલજો,
વહેમો છોડી આળસને અળગી કરી,
દેશહીતમાં નિજ લગાડો દીલજો. •

ભરતખંડે પોતાની સ્થીતિ સારી થવા માટે પ્રભુને કરેલી પ્રાર્થના-

રાગ ઉપરનો.

ભરતખંડ દુખ રડતો પ્રભુ પાસે જઈ,
ઓ વિશ્વેશ્વર મેં કીધાં શાં પાપજો;
કે દુનિયામાં સર્વોતમ જે હું હતો,
તેને માથે પડિયાં દુઃખ અમાપજો. ૧
મરી ખુટ્યા સહુ શૂરા ક્ષત્રિ માહરા,
કરતા જેઓ મારૂં ખૂબ જતંનજો;
પ્રાણ થકી પણ પ્રિય વધું ગણતા મને,
મારા અર્થે ખોતા સહુ તન ધનજો. ૨
તેના બદલે પ્રગટ્યા જડ નામર્દ આ;
જેના ઉરમાં નહિ દેશ અભિમાનજો;

સ્વાભિમાન તણો પણ અંશ મળે નહિ,
સ્વારથીયા એકલ પેટા નાદાનજો. ૩
ભૂદેવો પણ વ્યાસ વાલ્મિકિ દ્રોણ જે,
હતા સરસ્વતિના પુત્રો સાક્ષાતજો;
વિદ્યાદેવી સેવી ગ્રંથ રચ્યા રૂડા,
જગમાં જેણે કર્યા મને પ્રખ્યાતજો. ૪
ભવ ભૂતીને બાણ કાળીદાસાદિએ,
વળી વધારી જગમાં મારી લાજજો;
એવા મારા કવિ રત્નો વિપ્રો રૂડા,
મરી ખુટ્યા સહુ કોઈ રહ્યા ના આજજો. ૫
પણ તેઓને ઠામે ઉપન્યા આળસુ,
અક્ષરશત્રુ મૂરખ બુદ્ધિહીનજો;
વિદ્યાના વેરી રહી શાસ્ત્રો ના પઢે,
મિષ્ટાંનો જમવામાં રહે તલ્લીનજો. ૬
વૈશ્યો પણ જુઠા લુંચ્યા કપટી થયા,
ગયા વીસરી પોતાનો સદ્ધર્મ જો;
શૂદ્રોએ પણ મદ્ય માંસને વાપરી,
કરવા માંડ્યાં મહા પાપનાં કર્મ જો.૭
એવા વિપરિત ગુણવાળી મારી પ્રજા,
ઉપજાવી ક્યમ આપે જગદાધારજો;
એવા મોટા શા અપરાધો મેં કીધા,
કે જેથી સહુ દુઃખ દુઃખ આવારજો. ૮

પરતાજે હું પડિને શાં પાપો થકી,
કર કેરા બોજા નીચે કચરાઊં જો;
શાં પાપોથી વળી નકામા ખર્ચના,
ઉપરા ઉપરી મારાથી પીસાઊંજો; ૯
વહેમે ઘેરી લીધો મુજને ચોદિશે,
કુચાલોએ કર્યા મુજપર કેરજો;
દ્વેષે મુજને પાયમાલ કરીયો પુરો,
વળી કુસંપે વાળ્યું દાટ્ટે વે'રજો. ૧૦
પરદેસી ચીજોથી વિત મારૂં બધું,
નિત્યે જાયે જથા બંધ તણાઇજો;
દેશી કારિગરી ડૂબી સઘળી ગઈ,
દેશી ધંધા સરવે ગયા હણાઇજો. ૧૧
એવી રીતે ચોપાસેથી ઉમટી,
આવી પડિયાં દુખો મારે શીરજો;
છેક દીન બેહાલ બન્યો હું આ સમે,
હતો એ કદી જગમાં જેહ અમીરજો. ૧૨
આવું આવું થયાં છતાં પણ હે પ્રભુ,
મારા પુત્રો સમજે ના તલ ભારજો;
દેશહિત શેમાં તે ના વિચારતા,
ભવિષ્યનો પણ કરતા ના વિચારજો. ૧૩
બેદરકારી આત્મહીત માંહી બન્યા,
ભડા લડી કુસંપે કરે હમેશજો;

મમતે કારજ માહિં દ્રવ્ય ઉડાવતા,
નાચ રંગ વરઘોડામાં વિશેષજો. ૧૪
ભીખારીએ ભીખ મગાવી મુજને,
વધીયા નાગા જોગી જતી અતીતજો;
વધતાં હજી બીજા સાધુના ઝુંડને,
નિરખી ખાખ બનેછે મારૂં ચીતજો. ૧૫
મારા પુત્રો પણ ભુલી સ્વધર્મને;
બહોળે હાથે દે તેઓને દાનજો,
પણ સમજે ના અલમસ્તોને આપવું;
એતો પુણ્ય નહિ પણ પાપ નિદાન જો. ૧૬
એવા એવા મારા તનુંજોમાં પ્રભુ,
દુરગુણોને દુષ્ટ રીતિ અગણિતજો;
વધું ગણાવું અહિંઆં શું વિસ્તારથી,
અંતરજામી તમને બધું વીદિતજો. ૧૭
આવી જોઈ મારા પુત્રોની રીતી,
વિનતિ તમને કરવા આવ્યો આજજો;
માટે દેવા દયા લાવીને દાસની,
જગમાંહીથી જાતિ રાખો લાજજો. ૧૮
આપો મારા પુત્રોને રૂડી મતિ,
પેટ ભરાની વળી તજાવો ટેવજો;
સંપ ધરી વિદ્યા પઢી દેશ હિતારથે,
સહુ સુ કર્મો એવું કર દેવજો. ૧૯

परचूरण.

જગતને જીતનાર કોણ.

દોહરા.

પરનિંદા કરવા વિષે, જે જન મુંગો થાય,
પરધન હરવા કારણે, વળી પાંગળો જણાય. ૧
કુતર્કથી પરનારનું, મુખ જોવાને નત્ત;
અંધો થઈ સઘળે ફરે, તે પામે જગ તત્ત. ૨

(ભા.)

धीर कोण?

દોહરા

મૃગનયની પરનારનાં, નયને ન ચળે મંન.
અકસ્માત જે જનને, ક્રોધ ન ઉપજે તન. ૧
રીસ કરે નહિ સુજનથી, વળી ન લોભી થાય,
અનીતિ પંથે નવ ચડે, તે નર ધીર ગણાય. ૨

(ભા.)

દોહરા.

સાહસ કરતાં પેહલાં, ધીર બની કર ખોળ,
સમજાશે તેથી નકી; કયો ખોળ ને ગોળ. ૧
ચાખીજો પણ મિષ્ટ છે, ખાટી છાશ અશુધ;
ચાખ્યા વીણ માં માનતો, ઊજવળ તે સહુ દૂધ. ૨

औदिचोनी स्थीति सारी केम नथी?

ઉપજાતિ.

આચાર વિચાર અને વિવેક, સુધર્મને છોડી દીધી સુટેક;
વળી સુવિદ્યા તજી ઔદિચોયે, રૂડી સ્થીતિ ક્યાંથી પછીજ હોયે.

દોહરા.

બાળકને વળી નારીના, ઉપર પ્રથમથી દાબ,
રાખ્યાથી ફળ શુભ મળે, નહીંતો થશે ખરાબ. ૧

બનાવનારની વિનતી.

સંવત ૫શર ૨કર ૯ગૃહ ૧શશી, મહીનો માઘ પવિત્ર,
કૃષ્ણ પક્ષ નવમી ભૃગુ, જન્મ દીવસ મુજ મિત્ર.
તેથી છોટી મુજ વય, વિદ્યા અનુભવ હીન;
માટે દોષ ક્ષમા કરો, પંડિત કવિ પ્રવીણ;

સમાપ્ત.

અગાઉ આશ્રય આપનારા માનવંતા મેહેરબાન સાહેબોનાં નામ નીચે.

પ્રત. ગ્રાહકોના નામ.

સ્વસ્થાનવઢવાણ.

૯ દવે ગોવિંદજી લક્ષ્મીરામની મારફતે.
૧ દવે ગોવિંદજી લક્ષ્મીરામ.
૧ ખવાસ ઝીણાજી બાપાજી.
૧ જટાશંકર વલભરામ.
૧ ઉમાશંકર જગન્નાથ.
૧ ગૌવરીશંકર પ્રાણજીવંન રાવલ
૧ રાવલ કહાનજી વલભરામ.
૧ શા. ઉજમસી તલકસી.
૧ પંડ્યા. રેવાશંકર પ્રભુરામ.
૧ ખત્રી હરજી ભાણજી.
૧૭ શ્રી. પરચુરણ ખાતાની મારફતે.
૧ રાવલ માણેકલાલ મહાદેવ.
૧ સોની દામોદર ટોકર.
૧ ઉપાધીયા અંબાશંકર હરીશંકર,
૧ દવે કેસવજી હરીશંકર.
...ાસ રામજી બાપાજી.
...ંકર માધવજી.
... પ્રાણલાલ.
...રીશંકર.
...મર

પ્રત. ગ્રાહકોના નામ.

૧ વોહોરા હરજીવંન સુંદરજી.
૧ સુકલ મુળશંકર હરગોવિંદ.
૩ ભ. જટાસંકર પ્રેમશંકર.
૬ ત્રવાડી નર્મદાશંકર મુધરજીની મારફતે.
૨ ગરાસીયા ઉમેદસંગ બનેસંગ.
૧ દવે મુળશંકર માધવજી.

વઢવાણ સીવીલસ્ટેશન.

૨ દવે જેકરણ ભાણજી.
૧ સુતાર ત્રીભોવંન વિ. પરસોતમદાસ ગાડીવાલા મુ. ભાવનગર બંદર.

વઢવાણશેહેર.

૯ સુકલ મગનલાલ કેસવજીની મારફતે.
૧ મેતા માણેકલાલ કાલુભાઈ.
૧ શા. કાલીદાસ હંસરાજ.
૧ શા. વીરપાલ નાનજી.
૧ શા. નરસીંહ હરચંદ.
૧ ઉમેદસંગ બનેસંગ
૧ જાની દયાસંકર મોતીરામ.

વાંકાનેર.

૮ દવે માવજી ત્રીકમજી તથા જાની કાલીદાસ સીવશંકરની મારફતે.

પ્રત. ગ્રાહકોના નામ.
૧ દવે માવજી ત્રીકમજી.
૧ રાવળ સુંદરજી શંકરજી.
૧ જાની કાલીદાસ સીવશંકર
ઠે. વાં. તા. સ્કુ. આ.
૧ ગોકળદાસ દેવચંદ.
માણેકચંદ ફુલચંદ.
૧ પંચોળી ભાઈશંકર પ્રાગજી
વા. તા. માં.
૧ ત્રીભોવન લાધા.
૧ દેરાશ્રી ત્રંબકલાલ કેસવજી.
ભાવનગર બંદર
૨૩ રા. રા. ચુનીલાલ મનસુખ-
રામની મારફતે.
૨ જાની ચુનીલાલ મનસુખરામ
કલાર્ક બીજી રેલવેલ.
૧ વ્યાશ પ્રભાશંકર જેશંકર ક-
લાર્ક. બી. રે.
૧ જોસી દીનાનાથ રામશંકર
કલાર્ક. બી. રે.
૧ પા. ગોકળદાસ હરીવલભ ,,
૧ મી. મુલજી જીવણદાસ. ,,
૧ મી. મણીશંકર કરસનજી. ,,
૧ મી. ફકીર મહમદ. ,,
૧ મી. બ્રીજભુખણદાસ મ. ,,
૧ મી. વીઠલદાસ પ્રેમજી. ,,
૧ મી. વીઠલદાસ ભીખાભાઈ.
૧ મી. ઓધવજી દયાલજી.
૧ મી. પરજારામ નરોત્તમ
૧ મી. અમરચંદ વખત

પ્રત. ગ્રાહકોના નામ.
૧ મી. દુર્ગાશંકર જેષ્ટારામ. ,,
૧ મી. વીષ્ણુ મહાદેવ. ,,
૧ મી. શંકર વિશ્વનાથ. ,,
૧ મી. કૃષ્ણા વીઠલ. ,,
૧ મી. મણીલાલ પ્રેમજી હા-
ઈસ્કુલ સ્ટુડન્ટ.
૧ મી. અમૃતલાલ લાલજી ,,
૧ મી. પ્રભાશંકર ધનજી.
૧ મી. મોતીલાલ ઘેલાભાઇ.
૧ મી. હરજીવન કુબેરદાસ.
૧૪ વઢવાણ હાઇસ્કુલના સ્કોલર.
૨૫ શુકલ અંબાશંકર કેસવજીની
મારફતે.
૩ રા. રા. કૃષ્ણાજી
૨ રા. માણેકલાલ
૧ રા. તુળસીદાસ
૧ રા. શીવલાલ દેવ
૧ રા. મોહનલાલ પ્રા
૧ રા. કેસવલાલ લક્ષ્મ
૧ રા. કસ્તુર વ
૧ રા. જેઠાલાલ
૧ સા. સુખ
૧ રા. મ
૧ ર.

પ્રત. ગ્રાહકોના નામ.

વઢવાણ સીવીલ્લ્ષ્ટેન

૧ રાવલ જટાશંકર કુબેરજી.

ધ્રુમઠ.

૧ ત્રવાડી મોતીરામ લીલાધર.
માસ્તર.

૧ શા. અમુલખ તલકસી વે-
પારી.

વઢવાંણ કાંપમાં ભાયાતી કૉલેજ

૧૫ આચારજ. ગીરધરલાલ
ખીમજી.

ગરાસીયા સ્કુલના આસીસ્ટન
માસ્તર.

વનગર.

નર્મદાશંકર દામોદર.
પંડીતની મારફતે.

પ્રત. ગ્રાહકોના નામ.

ટાણા.

૧૫ રા. રા. રેવાશંકર રાઘવજી.
માસ્તરની મારફતે.

૨૦ સદરહુની પરચુરણ મારફતે.

સમઢીયાળુ

૧ મેતા. ઓધવજી દેવશંકર.

ધ્રાંગધ્રુ.

૧ ર.. રા. રાવલ ત્રીભોવન
નરભેરામ.

વીઠલગઢ

૧ શુકલ શંકર જેશંકર.

ગોંડલ.

૧ દવે વૈજનાથ ભોડીદાસ.

જાહેર ખબર.

ાચે લખેલ ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

—ત્રવાડી નર્મદાશંકર ભુધરજી ઠે. લાતીમાં

સુકલ મગનલાલ કેસવજી. ઠે. કન્યા-
શાળા પાસે.

દવે મગનલાલ હરીકૃષ્ણ ઠે. મકનજી મે-
તાની શેરી.

ાં—ત્રવાડી નાગર રેવાશંકર ઠે. હનમાન ફળીમાં.

—જાની ચુનીલાલ મનસુખરામ ઠે. બાવાના
મઠમાં નરભેરામના ખાંચામાં

ાનેરમાં—દવે માવજી વીકમજી તથા જાની કાળીદાસ
સીવશંકર ઠે. વાંકાનેર તાલુકા સ્કુલમાં

વીચાર સંગ્રહ સીવાય ગરબા સંગ્રહ નામનું પુસ્તક આ અક્ષરથી છપાવીને બહાર પડવાનું છે તેનું હેન્ડ-
૧૯૪૩ ના કારતગ માસમાં બહાર પડશે જેને
...પેડ પત્ર લખી મગાવશો તો મોકલવામાં

ત્રવાડી વીઠલજી ભુધરજી
વઢવાણ સીટી.
ાહેતાની સેરી પાસે.